# નૂતન વર્ષ ૨૦૧૮ને
# આવકાર્યું છે
# સૌની સાથે
# સદાય રહેજો
# બળ દેજો...
# હે દયાળુ
# પ્રભુપરમ !

## બ્રહ્મજ્યોતિમાં મહાઉત્સવ ઉજવાયો

આત્મલક્ષી ભાવે ઉજવાયો... સૌને આનંદ થયો
યોગીબાપાની પ્રાગટ્ય સવા શતાબ્દી, કાકાજી-પપ્પાજીની પ્રાગટ્ય શતાબ્દી
અનુપમ મિશન બ્રહ્મજ્યોતિ મંદિરના શ્રી ઠાકોરજીનો પાટોત્સવ
શ્રી ગુણાતીત દીક્ષા દિન મહામંગલ, વ્રતધારી સંતોનો દીક્ષા સ્મૃતિ મંગલ
યોગીજી-સાહેબજીનાં અનુપમ સર્જન પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદાના અમૃત ઉત્સવ
શ્રી 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉદ્‌ઘોષ દિન.
અનેક ઉત્સવોનો દિવ્ય સમન્વય.
યોગીબાપાએ આ બ્રહ્માંડમાં પધારી આત્મિક ઉત્થાન કર્યાં.
કાકાજી-પપ્પાજી-સોનાબાએ જીવનાં જતન કરી બાપાનો મહિમા સમજાવ્યો
સાહેબજીએ યોગીબાપાના દિવ્ય કાર્યને વહેતું રાખ્યું અને અનેકોને ઉપાસના દઢ કરાવી જીવંત કર્યાં
સાહેબજીએ જ્ઞાન જીવન બનાવી જ્ઞાનજીવનરૂપ કર્યા
ગુણાતીતાનંદજીનું આ બ્રહ્માંડે અક્ષરબ્રહ્મરૂપે અવતરણ, આત્યંતિક કલ્યાણ માટે શ્રીજી-સ્વામીના અદ્વૈતનો સ્વીકાર
પ્રગટ સ્વરૂપોનાં સમર્પણ અને જીવનનાં દિવ્ય દર્શન, આ જ્ઞાનચર્ચા દ્વારા સૌનાં આધ્યાત્મિક જીવનને પોષણ મળ્યાં
ઉત્સવ સૌના જીવનને પ્રકાશ પાથરનારો બન્યો, પ્રાપ્તિના મહિમાને વધુ દઢ કરનારો બન્યો
એકબીજાનો મહિમા સમજાવનારો બન્યો, પ્રભુપ્રસન્નતાર્થે સેવા દેનારો ને કરાવનારો બન્યો
સૌને અધ્યાત્મપંથે એક પગલું આગળ લેનાર બન્યો
સૌએ અહોભાવે સેવા કરી... આત્મકલ્યાણની ઝંખના કરી... નમવું-ખમવું-અન્યનો માહાત્મ્યથી આવકાર કરવો
સૌ સંબંધે મોટા આપણા માથાના મુગટ, સૌ કરીને આવ્યા છે... મારે ગરજુ થઈ સેવા કરવી છે
આવા યોગીભાવ સૌના જીવનમાં ચરિતાર્થ થયા અનુભવાય છે.
પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી બિરાજ્યા છે, તે જ ઠાકોરજીનું પ્રગટ પ્રત્યક્ષરૂપ સાહેબજી
તે સાહેબજી આ સૌ પધારેલ મુક્તોમાં દર્શન દે છે, તેની સેવા અહોભાવે કરીએ તે સ્વરૂપનું જ્ઞાન છે
આ અધ્યાત્મનાં જ્ઞાનને સૌએ જીવી બતાવ્યું, તે દર્શન થયાં ને સૌ ધન્ય ધન્ય થયાં.
યોગીબાપા અપાર રાજી થયા, સ્વામી અને શ્રીજીએ અપાર રાજીપો બતાવ્યો
સાહેબજીની અત્યંત કૃપાથી સૌ ધન્ય થયાં...
હે દયાળુ પ્રભુપરમ !
આત્માનું આ જ્ઞાન સમજાયું, જીવન જીવતા રહેવાના સંકલ્પ થયા
નૂતન વર્ષ ૨૦૧૮ને આવકાર્યું છે
સૌની સાથે સદાય રહેજો... બળ દેજો... સૌને દાસત્વે જીવતા રહેવા અને
આપના પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબજીને સેવી લેવા બળ દેજો... અમ આતમની સર્વ પ્રકારે રક્ષા કરજો ! ◆

